જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૯૩/૧૮

નારોલ પોલીસ સ્ટેશનઃ-

## ખુન ખુનની કોશીશ તથા રાયોટના ગંભીર ગુનો કરવાવાળા નાસ્તો ફરતો આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૦૬ સા.તેમજ અધિક ના.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ મે.પોલીસ કમિશ્નર સા.અમદાવાદ શહેરનાઓએ રાખેલ નાસ્તા ફરતા આરોપીઓને શોધવા અંગેની ડ્રાઇવ અનુસંધાનેં નારોલ પોલીસ સ્ટેશન ખાતે અલગ અલગ ટીમો બનાવી જરૂરી સુચના માર્ગદર્શન આપેલ દરમ્યાનનારોલ પો.સ્ટે.દાખલ થયેલ ફ.ગુ.ર.ન.૧૩૧/૧૮ ઇ.પી.કો.કલમ૩૦૨,૩૦૭,૪૫૨ ,૩૨૬,૩૨૪,૪૨૭,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૨૯૪(ખ),૧૨૦(બી),૫૦૬(૨)તથા જી.પી.એક્ટ કલમ૧૩૫ (૧)મુજબના નાસતો ફરતો આરોપી ઉંમર સન/ઓફ રસીકભાઇ મુસાભાઇ જાતે-શેખ ઉ.વ.૧૯ રહે-મ.ન.એ/૧૬ ફૈશલનગર બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેરનાનો ઉપરોક્ત ગુનામાં નાસ્તો ફરતો હોય તેની આજરોજ સર્વેલંસ પો.સ.ઇ.એ.જી.બ્રીદ તથા પો.કો જીલુભાઇ મેરામભાઇ બ.ન.૫૫૨૧ તથા પો.કો હરદીપસિંહ વિજયસિંહ બ.ન.૧૧૮૭ નાઓ નાસ્તા ફરતા વોન્ટેડ આરોપી પકડવાની ડ્રાઇવમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઉપરોક્ત આરોપીને સંયુક્ત બાતમી હકીકત આધારે ડ્રાઇવ દરમ્યાન આજરોજ તા.૦૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૮/30 વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરેલ છે આ આરોપી ઉપરોક્ત ખુન તેમજ ખુનની કોશીશ તેમજ રાયોટના ગંભીર ગુનાને અંજામ આપનાર કાવતરા ખોર હોય તેઓને હકીકત આધારે પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશનઃ</u>**

## લુંટના આરોપીઓ પકડી પાડતી શાહીબાગ પોલીસ

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.અધિ.પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અધિ.ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી આર.પી.ડાભી તથા બીજા સ્ટાફના માણસોએ તપાસ દરમ્યાન આરોપીઓ (૧) પ્રવિણ ઉર્ફે ભોલો S/O પરષોત્તમભાઈ બચુભાઈ જાતે.ધવલ ઉ.વ.૨૩ રહે-મ.નં.૨૫૭૮, વડવાળી ચાલી, સીંગરવા,ઓઢવ, અમદાવાદ શહેર તથા (૨) ઉસ્માન S/O યુનુસભાઈ હબીબભાઈ જાતે.ઘાંચી (મસ્લીમ) ઉ.વ.૨૫ રહે- ખેમચંદની ચાલી, ધનુષધારી મંદીર પાસે, નરોડા પાટીયા, નરોડા, અમદાવાદ શહેર નાઓને પકડી અટક કરી શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૧૩/૧૮ ઈ.પી.કો. કલમ-૩૯૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.

**<u>વટવા પોલીસ સ્ટેશનઃ</u>**

## વટવા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૯૬/૨૦૧૩ ધી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ) ,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુનામા છેલ્લા પાંચ વર્ષથી નાસ્તા ફરતા આરોપીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે-ડીવીઝન અમદાવાદ નાઓ તરફથી અવાર નવાર નાસ્તા ફરતા /વોંટેડ આરોપી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોઇ અને હાલમા નાસ્તા ફરતા/વોંટેડ આરોપીઓને પકડવાની ડ્રાઇવ ચાલતી હોઇ જે આધારે સિનીયર પોલીસ ઈન્સપેક્ટર શ્રી વટવા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલંસ સ્કોડ ના અ.હે.કો. શૈલેન્દ્રસિંહ બટુકસિંહ તથા પો.કો.અ.વાહીદખાન અમીરુલ્લાખાન નાઓની બાતમી હકિકત આધારે વટવા બીબી તળાવ ચાર રસ્તા ફ્રુટની લારી ઉપરથી "વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.-૩૦૯૬/૨૦૧૩ ધી ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસ્તો ફરતો આરોપી નામે જુબેરભાઇ સ/ઓ ઉમરભાઇ ઇસ્માઇલભાઇ બુખારી ઉ.વ.૩૨ રહે.ઇ-૫૦૮ એહમદ રેસીડન્સી ટી.પી. ૮૫ રોડ અંબર ટાવર સામે સરખેજ અમદાવાદ શહેર નાઓને તા.૦૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૭/૫૦ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે. તા-૦૯/૧૨/૨૦૧૮

**<u>ઓઢવ પોલીસ સ્ટેશનઃ</u>**

**<u>નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.</u>**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા" માટે હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ નાસતા ફરતા આરોપીને પકડી પાડવાની સુચના કરતા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ.એસ.જે.ચૌહાણ.તથા અ.હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯. તથા અ.પો.કો.અજીતભાઈ ભીખાભાઈ બનં-૪૨૯૪.તથા અ.પો.કો પંકજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૯૦ એ રીતેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૭/૧૦ વાગે ઓઢવ ફાયર બ્રિગેડ ચાર રસ્તા પાસે આવતા સાથેના અ.હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯.તથા અ.પો.કો પંકજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૯૦ નાઓની સંયુક્ત બાતમી આધારે ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૨૪૧/૨૦૧૮ ઈપીકો કલમ.૩૭૯,૩૮૧,૪૧૧,૧૧૪ મુજબના ગુનાના આરોપીઓ નં-૧. અનુપસિંહ હિમ્મતસિંહ જાતે.ચૌહાણ ઉવ.૨૮ રહેવાસી-ચાલી નં-૧૪૧ ગફુરભાઈની ચાલી, રબારીવસાહત, રણછોડજીના મંદીરની સામે ઓઢવ અમદાવાદ શહેર મુળવતન-ગામ-લીમંડી તા.બાલાસીનોર જી.મહીસાગર તથા નં-૨. પ્રવિણસિંહ તખતસિંહ પરમાર ઉવ.૨૭ રહેવાસી-મનં-૫૭ રમેશભાઈની ચાલી, ફાયરબ્રીગેડની સામે ઓઢવ અમદાવાદ શહેર મુળવતન-ગામ-લીમંડી તા.બાલાસીનોર જી.મહીસાગર તથા નં-૩. સંદીપભાઈ શંકરભાઈ જાતે.કામલે ઉવ.૨૮ રહેવાસી-મનં-૧૮૯ અમરનગર સોસાયટી માતૃછાયા સ્કુલની બાજુમા ઓઢવ અમદાવાદ શહેર મુળવતન-ગામ-શીવાજીનગર તા.જી.સોલાપુર મહારાષ્ટ નાઓને ઉપરોક્ત ગુનામાં તા.૦૮/૧૨/૨૦૧૮ ના કલાક.૧૮/૨૦ વાગે તથા આરોપી નં-૪. મૌલિક સ/ઓ ભાઈલાલભાઈ કરશનભાઈ પટેલ ઉવ.૨૬.રહે.૨૦૨ અબજ પેરેડાઈઝ.એકલવ્ય સ્કુલની સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓને ઉપરોક્ત ગુનાના કામે તા.૦૮/૧૨/૨૦૧૮ ના કલાક.૨૧/૦૦ વાગે અટક કરી વણશોધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ચોરીમાં ગયેલ લીફ્ટના સ્પેરપાર્ટસ જોતા લીફ્ટના એપરપાર્ટસ આર.કેમ.સેટ.(ઓ) ટાઈપ ૧૧૦ વોલ્ટના ૧૧ નંગ જે ૧ નંગની કિ.રૂ.૨૫૦૦/- લેખે ૧૧ નંગ સ્પેરપાર્ટસની કિ.રૂ.૨૭૫૦૦/- ગણાય તે મુદ્દામાલની રીકવરી કરી સારી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૦૯/૧૨/૨૦૧૮.

**<u>એલીસબ્રીજ પોલીસ સ્ટેશનઃ</u>**

આજ રોજ મે. સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ અમદાવાદ શહેર નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઈવ રાખવામાં આવેલ હોય જે અનુસંધાને મ.પો.કમિ. શ્રી એમ વિભાગ સાહેબ તથા પો.ઈન્સ. શ્રી એ.એસ.પટેલ એલીસબ્રીજ પો.સ્ટે. નાઓની સુચના માર્ગદર્શન મુજબ પ્રો. પો.સ.ઈ. એ.પી. જેબલીયા નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં રહી ચોક્કસ બાતમી હકીકત મેળવેલ કે, " ગીર સોમનાથ પ્રભાસપાટણ ફસ્ટ ગુ.ર.નં. ૯૩/૨૦૧૭ ઈપીકો કલમ ૪૦૬ , ૪૨૦ , ૪૧૯ , ૧૨૦બી તથા આઈટી એક્ટ ૬૬(બી)(ડી) મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી સુનીલ સુમનભાઈ દંતાણી નાનો મુંબઈ ખાતે રહે છે જે હાલમાં આંબાવાડી થી અત્રે થઈ નહેરૂનગર સર્કલ તરફ જવાનો છે જે શરીરે પાતળા બાંધાનો છે અને પીળા કલરનું શર્ટ તથા આછા કાળા કલરની જીન્સ પેન્ટ પહેરેલ છે." જે વિગેરે મતલબની ચોક્કસ હકીકત આધારે ઉપરોક્ત વર્ણનવાળા ઈસમની વોચ કરતાં મળી આવેલ જે સદરીએ પોતાનું નામઠામ સુનીલ સુમનભાઈ દંતાણી ઉવ.૨૬ રહે, હરિનગર સોસાયટી અલ્કાપાર્કની બાજુમાં વેજલપુર અમદાવાદ શહેર હાલ રહે, નવીનભાઈ દંતાણીના મકાનમાં સાયન રેલવે સ્ટેશનની સામે ૯૦ફીટ રોડ ધારાવી મુંબઈ મહારાષ્ટ્ર નો હોવાનું જણાવેલ અને સદરીએ પંચો રૂબરૂ જણાવેલ કે, પોતે સને ૨૦૧૭ માં કોલ સેન્ટરમાં વિરેન કેતન પાઠક સાથે જોડાયેલ અને પ્રભાસપાટણ ખાતે ગુનો રજીસ્ટર થતાં ન્યુઝ પેપરમાં પોતાનું નામ આવતાં છેલ્લા ૧ વર્ષથી પોતાની ધરપકડ ટાળવા સારૂ મહારાષ્ટ્ર ખાતે પોતાના મામા ના ઘરે રહેવા જતાં રહેલ હોવાનું જણાવેલ જે ઉપરોક્ત ઈસમ ૨૫ દિવસ થી અમદાવાદ ખાતે આવેલ હોય અને ગીર સોમનાથ પ્રભાસપાટણ ફસ્ટ ગુ.ર.નં. ૯૩/૨૦૧૭ ઈપીકો કલમ ૪૦૬ , ૪૨૦ , ૪૧૯ , ૧૨૦બી તથા આઈટી એક્ટ ૬૬(બી)(ડી) મુજબના ગુનાના કામે નાસતો ફરતો હોય સદરીને સીઆરપીસી કલમ ૪૧(૧)(આઇ) મુજબ આજ રોજ તા. ૦૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૭/૩૦ વાગે અટક કરી ગીર સોમનાથ પ્રભાસપાટણ પો.સ્ટે. ખાતે મોકલી આપવા તજવીજ કરી સારી કામગીરી કરેલ છે.

**<u>મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ</u>**

**અપહરણના ગુનાના વોંટેડ આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ**

મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૪/૧૮ ઘી ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ તથા પોકસો એક્ટ કલમ ૧૮ મુજબના કામના ફરીયાદી દશરથભાઇ સોનજીભાઇ ગુલાબભાઇ પટણી(પોપટાવાળા) ઉવ.૩૯ રહે.મ.નં.૫૩ ગાંધીનગર સોસાયટી ઓમનગર રેલ્વે ક્રોસીંગ પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તા.૮.૬.૧૮ ના કલાક ૧૯.૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીની સગીર વયની દિકરી નામે વર્ષા ઉવ.૧૭ વર્ષ ૧૧ માસ નાનીને આરોપી મેહુલ બાબુભાઇ પટણી હાલ રહે.બ્લોક નં.ઇ/૭, લક્ષ્મીનગર, ઘોડા કેમ્પ પાસે, શાહીબાગ, અમદાવાદ નાનો ફરીયાદીના ઘરેથી ફરીયાદીના કાયદેસરના વાલી પણામાથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઇરાદે ભગાવી લઇ ગયેલ હોય જે આરોપી મેહુલ બાબુભાઇ પટણી ઉવ.૨૦ રહે.મ.નં.૫૪, ગાંધી સોસયટી, ઓમનગર રેલ્વે ક્રોસીંગ પાસે, મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો આજદીન સુધી નાસતો ફરતો હોય સદરી આરોપીને ઉપરોકત ગુનામાં આજરોજ તા.૦૯/૧૨/૨૦૧૮ ના કલા ૨૦/૩૦ વાગે પકડી અટક કરી સારી અને પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા.૦૯.૧૨.૨૦૧૮

**<u>એરપોર્ટ પોલીસ સ્ટેશન :</u>**

**એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ચાલુ ગુનાની તપાસ માં નહી પકડાયેલ આરોપીઓ ની તપાસ કરી નીચે મુજબ ના ગુનાના આરોપીઓને અટક કરવામાં આવેલ હોય નં.૧ ફ્સ્ટ ગુ.ર.નં.૪૩/૨૦૧૮ ઈપીકો કલમ ૧૪૧,૧૪૩,૧૪૭,૧૪૮,૪૫૨,૩૨૩,૪૨૭,૨૯૪(ખ),૫૦૬(૨), તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના આરોપી વિકી ઉર્ફે ચોટી સન/ઓફ લક્ષ્મણદાસ પારુમલ મોટવાણી ઉવ.૩૩ રહે.મકાન નં.૫૧ ઉર્વશી બંગ્લોઝ ઈન્દીરાબ્રિજ પાસે હાંસોલ સરદારનગર અમદાવાદ શહેરનાનો સદર ગુનામાં પકડવાનો બાકી હોય જે આજરોજ તા.૦૯/૧૨/૨૦૧૮ ના રોજ ખાનગી બાતમી આધારે આરોપીને પકડી એરપોર્ટ પોલીસ સ્ટેશનના પો.સ.ઈ શ્રી, જે.એસ.ચંપાવત તથા અ.હે.કો અસ્લમ અલીભાઈ બં.નં.૯૭૨૬ તથા અ.પો.કો.મહેન્દ્રસિહ મુળુભા બં.નં.૧૦૧૧૭ તથા અ.પો.કો બળવંતસિહ કનુસિહ બં.નં.૩૧૧૫ નાઓએ વોચ ગોઠવી ઉપરોક્ત આરોપીને તા.૦૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૫/૧૫ વાગે અટ્ક કરેલ છે**

**નં.૨ પો.સબ.ઈન્સ , ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસો દ્વારા સાથેના હેડ કોન્સ. દિનેશકુમાર જીવાજી નાઓની ખાનગી બાતમી આધારે એરપોર્ટ પો.સ્ટે.ના ફ્સ્ટ ગુ.ર.નંબર.૫૦/૨૦૧૮ ઈપીકો કલમ ૩૨૩.૩૨૪.૨૯૪(ખ).૫૦૬(૨).૧૧૪ જી.પી.એક્ટ ૧૩૫(૧) ના ગુનાના કામે નહી પકડાયેલ આરોપણ બહેન આરતીબેન વા/ઓફ નરેશભાઈ ભરતભાઈ પટણી ઉવ.૧૯ રહે.મકાન નં.૧૬/૭૧૦ વાલ્મીકી આવાસ યોજના નોબલનગર અમદાવાદ નાનીને આજરોજ તા.૦૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૨/00 વાગે અટક કરવાની કાર્યવાહી કરેલ છે .**

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.